**મળ્યા તારીખ – ૦૪/૧૨/૨૦૨૪**
**નોંધ્યા તારીખ– ૦૪/૧૨/૨૦૨૪**
**ફેંસલ તારીખ – ૩૦/૦૬/૨૦૨૬**
**સમયગાળો – વર્ષ –માસ –દિવસ**
**– –**

**મોડાસાના મે. એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મોડાસા.**

---

**ક્રિમીનલ કેસ નંબર–૨૮૦૭/૨૦૨૪**
**આંક–**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપીઓ** : (૧) વિશલકુમાર રણજીતસિંહ ચૌહાણ,
(૨) પુજાબેન વિશાલકુમાર ચૌહાણ,
બંન્ને રહે.ખલીકપુર,તા.મોડાસા જી.અરવલ્લી

**ગુન્હો:–** ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એએ,૮૧ મુજબ..
ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી ધ્વારા એસ.એસ.દેસાઈ.
આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એ.બી.સોની.

## // ઠરાવ //

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ મોજે ખલીકપુર ગામે પાસે મોડાસા મુકામે તા.૨૨–૦૪–૨૦૨૪ ના રોજ કલાક : ૧૯.૫૫ વાગ્યાના તા.ટા જગ્યાએ આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓએ એકબીજાની મદદગારી કરી પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ

પરમીટે ગે.કા.રીતે ભારતીય બનાવટના બીયર વેચાણ સારૂ મંગાવી પોતાના રહેણાંક ઘરના પાછળના ભાગે બાથરૂમ પાસે એક પ્લાસ્ટિકની મીણીયાની થેલીમાં રાખેલ કિંગ ફિશર સુપર સ્ટ્રોંગ પ્રિમીયમ બીયર ૫૦૦ મી.લીના ટીન કં પની શીલબંધ નંગ–૦૮(, લીટર) જેમાં એકની કિં.રૂા.૧૨૫/– લેખે કુલ કિં.રૂા. ૧૦૦૦/–નો મુદ્દામાલ રાખી આરોપી નં.ર મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૧ નું તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ મોડાસા ટાઉન પો. સ્ટે. માં ફરીયાદ નોધાવતાં , ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કર્યા બાદ, તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એએ,૮૧ મુજબના ગુન્હો કર્યા અંગેનુ ચાર્જશીટ અત્રેની અદાલત માં રજુ કરવામાં આવેલ છે.

**(ર)** આરોપીને સમન્સ કરતાં આરોપી નામ.કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ પેપર્સની અને ચાર્જશીટની નકલો આપવામાં આવી. ત્યારબાદ ગુન્હા સંબંધી આંક: ૦૯ થી આરોપી સામે તહોમતનામુ ઘડી વાંચી સંભળાવી, સમજાવી આંક:૧૦ તથા આંક:૧૧ હેઠળ નિવેદન લેતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

**(૩)** આ કામે ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવે છે.

**<u>મૌખિક પુરાવો.</u>**

(૧) આંક : ૧૭ પંચ રાહુલકુમાર ખેમજીભાઈ ડામોરની જુબાની

(ર) આંક : ૧૯ ફરીયાદી પરેશકુમાર બાબુભાઈની જુબાની

(૩) આંક : ૨૨ ત.ક.અ. કિશનકુમાર બાબુભાઈની જુબાની

(૪) આંક: ૩૧ સાહેદ સતિષકુમાર દિપસિંહની જુબાની

(૫) આંક: ૩૩ સાહેદ જયેન્દસિંહ ભીમસિંહની જુબાની

(૬) આંક : ૩૪ સાહેદ અશોકભાઈ માવજીભાઈની જુબાની

(૭) આંક : ૩૫ સાહેદ આરતીબેન શીવરાજભાઈની જુબાની

**<u>દસ્તાવેજી પુરાવો.</u>**

(૧) આંક:૧૮ મુદ્દામાલ રીકવરી ગુન્હાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ

(૨) આંક: ૨૦ ફરીયાદની ખરી નકલ

**(૪)** ફરીયાદ પક્ષ તરફનો પુરાવો પુરો થયેલાનુ જણાતાં આ કામે આરોપીનુ ક્રિ .પ્રો. કોડની કલમ: ૩૧૩ મુજબનુ વધારાનુ નિવેદન નોંધેલ છે. જેમાં આરોપીએ તેમની વિરૂઘ્ધમાં પડેલ પુરાવાનો ઈન્કાર કરી, વિશેષમાં તેઓ નિર્દોષ છે અને તેમની સામે ખોટો કેસ કરેલ છે તેવું જણાવેલ છે. ત્યારબાદ બં ને પક્ષકારોના વિ. વકીલશ્રી ઓની દલીલો સાંભળવામાં આવી.

**(૫)** ઉપરોકત હકીકતોએ નીચે મુજબના મુદ્દા મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દા ::–</u>**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ મોજે ખલીકપુર ગામે પાસે મોડાસા મુકામે તા.૨૨–૦૪–૨૦૨૪ ના રોજ કલાક : ૧૯.૫૫ વાગ્યાના તા.ટા જગ્યાએ આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓએ એકબીજાની મદદગારી કરી પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ગે.કા.રીતે ભારતીય બનાવટના બીયર વેચાણ સારૂ મંગાવી પોતાના રહેણાંક ઘરના પાછળના ભાગે બાથરૂમ પાસે એક પ્લાસ્ટિકની મીણીયાની થેલીમાં રાખેલ

કિંગ ફિશર સુપર સ્ટ્રોંગ પ્રિમીયમ બીયર ૫૦૦ મી.લીના ટીન કં પની શીલબંધ નંગ–૦૮(, લીટર) જેમાં એકની કિં.રૂા.૧૨૫/– લ ેખે કુલ કિં.રૂા. ૧૦૦૦/–નો મુદ્દામાલ રાખી આરોપી નં.૨ મળી આવી પકડાઈ જઈ તથા આરોપી નં.૧ નું તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ, તે મતલબની ફરીયાદ ફરીયાદીએ મોડાસા ટાઉન પો. સ્ટે. માં ફરીયાદ નોધાવતાં, ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે પુરતી તપાસ કર્યા બાદ, તપાસ કરનાર અમલદાર ધ્વારા આ કામના આરોપી સામે ધી ગુજરાત પ્ર ોહીબીશન એકટની કલમ : ૬૫ એએ,૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત નિર્ણયોના મારા કારણો, અવલોકનો, અને તારણો નીચે મુજબ છે.

## <u>–: કા ર ણો :–</u>

મુદ્દા નં. ૧:–

**(૮)** ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર માટે આંક: ૧૯ થી ફરીયાદી પરેશકુમાર બાબુભાઈ,અ.પો.કો.ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં પુરાવો આપી આંક:૨૦ થી ફરીયાદ રજુ કરેલ છે. સદર પોલીસ સાહેદ/ફરીયાદીએ પોતાની સરતપાસમાં આંક:૨૦ વાળી ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે. તેઓના પુરાવા મુજબ તેઓ સને ૨૦૨૪ના વર્ષમા અ.પો.કો.તરીકે મોડાસા ટાઉન પો.સ્ટે.મા ફરજ બજાવતો હતો તે દરમ્યાન તારીખ : ૨૨/૦૪/ ૨૦૨૪ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો પ્રોહી પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ

કે ખલીકપુર ખાતે રહેતા વિશાલકુમાર રણજીતસિંહ ચૌહાણ તથા પુંજાબેન વીશાલકુમાર ચૌહાણનાઓ તેમના ઘરે વીદેશી દારૂ રાખી વેચાણ કરે છે તેવી બાતમી હકીકત આધારે નજીકમાથી બે પંચના માણસો બોલાવી,પંચોએ પંચો તરીકે રહેવા સ્વખુશી બતાવતા પંચોને સાથે રાખી બાતમી વાળી જગ્યાએ જતા સદરીના ઘરે પુજાબેન વિશાલભાઈ ચૌહાણનાઓ ઘરે હાજર મળી આવેલ. ઘરની ઝડતી તપાસ કરતા ઘરના પાછળના ભાગે બાથરૂમમાંથી મીણીયાનથી થેલીમા થી કીંગફીશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર નંગ ૮,કિ.રૂા.૧૦૦૦/- નો વગર પાસ પરમીટનો મળી આવેલ જે મતલબનુ પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ તેઓ પંચો રૂબરૂ તેઓ પંચોના લખાવ્યા મુજબને લખી લીધેલ. અને સરકાર તર્ફે અમોએ ફરીયાદ આપેલ. તેમને ફરીયાદની ખરી નકલ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા ફરીયાદી તરીકે તેમની સહી છે.જેને રજુ દા.આંક-૨૦ આપવામા આવે છે.

આરોપી તરફેની કરેલી ઉલટતપાસમાં સદરહુ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,ઘણીવખત બિનવારસી મુદદામાલ મળી આવતો હોય છે. એ હકીકતોનો સ્વીકાર કરેલ છે. જયારે અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

વધુમાંત.ક.અમલદાર કિશનકુમાર બાબુભાઈ,અ.હે.કો.ની આંક-૨૨ થી જુબાની થયેલ છે, તેઓના પુરાવા મુજબ સને ૨૦૨૪ ની સાલમાં તેઓ મો.ટા. પો.સ્ટેમાં અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન મો.ટા. પોસ્ટે.મા તા. ૨૨/૦૪/૨૪ ના રોજ સેકન્ડ ગુ.રજી.નં.૦૨૨૪/૨૪ પ્રોહી કલમ ૬૫ એએ ,૮૧ ે મુજબનો ગુનો નોંધાતા પી.એસ.ઓ.એ સદર ગુનાની તપાસ સોપતા તપાસ સં ભાળી લીધી.ત્યારબાદ તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના લખેલા અને પંચોના લખાવ્યા મુજબના પંચનામા પં ચોની હાજરીમાં કરેલ અને તેમા પંચોની સહી લીધેલી.આરોપી વીરૂધ્ધ પુરતો

પુરાવો હોય અટક કરી જામીન મુકત કરેલ.અને પુરતો પુરાવો જણાઈ આવતા નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલુ. આરોપી નામ. કોર્ટમા હાજર નથી.

આરોપી તરફેની કરેલી ઉલટતપાસમાં સદરહુ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,પોલીસ સાહેદો સીવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી.તેમજ આરોપીઓના ઘરની આગળ પાછળ ઘણા બધા ઘરો આવેલા છે.તેમજ આરોપીના મકાનની માલીકી અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ હકીકતોનો સ્વીકાર કેરલ છે. જયારે અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૯) ફરીયાદ પક્ષે આંક : ૩૧ થી સાહેદ સતીશકુમાર દિપસિંહ,અ.હે.કો.ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમના મૌખીક પુરાવામાં જણાવેલ છે કે , સને ૨૦૨૪ના વર્ષમા હુ અ.હે.કો.તરીકે મો.ટાઉન ખાતે ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા.૨૦/૪/૨૪ના રોજ તેઓ તથા અ.હે.કો. કીશનભાઈ બાબુભાઈ તથા અ.હે.કો. જયેન્દ્રસિંહ ભીમસિંહ ,અ.પો.કો. પરેશભાઈ બાબુભાઈ તથા વુ.પો.કો.આરતીબેન શીવરાજસિંહનાઓ મોડાસા ટાઉન પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને કીશનભાઈને બાતમી મળેલ કે ખલીકપુર ગામે રહેતા વિશાલકુમાર રણજીતસિંહ ચૌહાણ તથા પુંજાબેન વિશાલકુમાર ચૌહાણનાઓ તેમના ઘરે વિદેશી દારૂ લાવી વેચાણ કરતા હોય રેઈડ કરવા સારુ બે પંચના માણસો બોલાવી સદરના ઘરે જતા ઘરે કોઈ હાજર મળી આવેલ નહી અને સદરના ઘરના પાછળના ભાગે તપાસ કરતા કિંગફીશર કંપની ૫૦૦મીલીના બીયરના ટીન નં ૮ મળી આવેલ જેની કિ.મને હાલમા યાદ નથી અને આ મળી આવેલ પ્રોહી મુદદામાલ પંચો રૂબરૂ અમારી પો.સ્ટે. લાવેલા અને પ્રોહી.મુદદામાલ વગર પાસ પરમીટનો હોય આરોપી વિશાલભાઈ અને પુજાબેન વિરુધ્ધ તેમની સાથે પરેશભાઈ બાબુભાઈનાઓએ ફરીયાદ આપેલ અને તેઓએ કિશનભાઈએ પંચો રૂબરૂ પંચનામુ કરેલ. હવે જણાવુ છુ કે આ કામે પંચનામુ પંચો રૂબરૂ મે કરેલુ. જે પંચનામુ આજરોજ તેમને બતાવવામા આવે છે. જેને આ કામે આંક-૧૮ આપવામા આવેલ છે. જેને પંચો રૂબરૂ પંચનામુ કરેલ તે જ છે જેમા

તેમની અને બે પંચોની સહી છે જેને તેઓ ઓળખી બતાવે છે. આ કામે તેમની સાથેના કિશનકુમારનાઓ રૂબરૂ તેમને નિવેદન આપેલુ. સદર કામના આરોપીને જોયેથી ઓળખીએ છીએ . જે આજરોજ નામદારો કોર્ટમા હાજર નથી.આમ, સદર સાહેદને ફરીયાદપક્ષને સમર્થન કરતાં ના હોઈ,વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી , ઉલટ તપાસ લીધેલ છે.આમ,સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

આરોપી તરફેની કરેલી ઉલટતપાસમાં સદરહુ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલ તેમને યાદ નથી કે તેઓ પેટ્રોલીંગમા કેટલા વાગ્યે ગયા હતા અને પરત આવેલા. તેમજ તેઓ પેટ્રોલીંગમ કયુ વાહન લઈને ગયેલ તે જણાવેલ નથી.તેમને હાલ યાદ નથી કે તેમનું નિવેદન ફરીયાદ થયાના પછી કેટલા દિવસ પછી લેવામા આવેલ. તેમજ બનાવ અંગેની બાતમી તેમને મળેલ નથી. હાલ તેમને યાદ નથી કે તેઓ રેઈડ માટે કેટલા વાગ્યે ગયેલ હતા. તેમજ ખલીકપુર વીસ્તારમા આશરે ચાર પાંચસો માણસો રહે છે અને તેની આજુબાજુ ઘણી બધી સોસાયટી આવેલ છે. તેમજ મોટા ભાગના ઘરમા એક ઘરની પાછળ બીજુ ઘર હોય છે. તેમજ મુદદામાલ ઘરની કેટલી પાછળ મળેલ તે હકીકત જણાવેલ નથી. તેમજ મકાનની પાછળની જગ્યા કોણી માલીકીની હતી તેની તેમને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

**(૧૦)** ફરીયાદ પક્ષે આંક : ૩૩ થી સાહેદ જયેન્દ્રસિંહ ભીમસિંહ,અ.હે.કો.ને તથા આંક:૩૪ થી સાહેદ અશોકભાલ માવજીભાઈ,અ.હે.કો.ને તથા આંક:૩૫થી સાહેદ આરતીબેન શીવરાજભાઈ,અ.પો.કો.ને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમના મૌખીક પુરાવામાં જણાવેલ છે કે ,સને ૨૦૨૪ના વર્ષમા હુ અ.હે.કો.તરીકે મોડાસા ટાઉન પો.સ્ટે.મા ફરજ બજાવતી હતી તે દરમ્યાન તારીખ : ૨૨/૦૪/ ૨૦૨૪ ના રોજ હુ

તથા અ.પો.કો. પરેશભાઈ બાબુભાઈ તથા અ.હે.કો. સતીશકુમાર દિપસિંહ વિ.પોલીસ સ્ટાફના માણસો પ્રોહી પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે ખલીકપુર ખાતે રહેતા વિશાલકુમાર રણજીતસિંહ ચૌહાણ તથા પુંજાબેન વીશાલકુમાર ચૌહાણનાઓ તેમના ઘરે વીદેશી દારૂ રાખી વેચાણ કરે છે તેવી બાતમી હકીકત આધારે નજીકમાથી બે પંચના માણસો બોલાવી,પંચોએ પંચો તરીકે રહેવા સ્વખુશી બતાવતા પંચોને સાથે રાખી બાતમી વાળી જગ્યાએ જતા સદરીના ઘરે પુજાબેન વિશાલભાઈ ચૌહાણનાઓ ઘરે હાજર મળી આવેલ. ઘરની ઝડતી તપાસ કરતા ઘરના પાછળના ભાગે બાથરૂમમાંથી મીણીયાનથી થેલીમા થી કીંગફીશર સુપર સ્ટ્રોન્ગ પ્રીમીયમ બીયર નંગ ૮,કિ.રૂા.૧૦૦૦/– નો વગર પાસ પરમીટનો મળી આવેલ જે મતલબનુ પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ તેમની સાથેના પોલીસ સ્ટાફના અ.હે.કો. સતીશકુમાર દિપસિંહે પંચો રૂબરૂ પંચોના લખાવ્યા મુજબને લખી લીધેલ. અને સરકાર તર્ફે પરેશકુમાર બાબુલાલે ફરીયાદ આપેલ અને ફરીયાદ નોંધાતા તેમને તેમનું નિવેદન આપેલુ. આરોપીઓને જોયેથી ઓળખુ છુ. બચાવપક્ષે તેમની ગેરહાજરીનો રીપોર્ટ આપી ઓળખ અંગેની તકરાર જતી કરેલ છે આરોપી તરફેની કરેલી ઉલટતપાસમાં સદરહુ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઘણીવખત બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. તે હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

**(૧૧)** ફરીયાદ પક્ષે આંક : ૧૭ થી પંચ સાહેદ રાહુલકુમાર ખેમજીભાઈ ડામોરને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમના મૌખીક પુરાવામાં જણાવેલ છે કે આજથી આશરે એક વર્ષ અગાઉ પોલીસે તેમને મોડાસા ચાર રસ્તા ઉપર બોલાવી તેમને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેમને સહી કરેલી.તે સિવાય પંચનામાની વિગતો અંગે કોઈ જાત માહીતી નથી. ફકત આંક : ૧૮ થી રજુ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આમ, સદર પં

ચ સાહેદએ પંચનામાની કોઈ કાર્યવાહીને સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પી.શ્રીએ સદર સદર પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી , ઉલટ તપાસ લીધેલ છે જેમાં પણ તેઓએ પંચનામાની તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે. આ પંચ સાહેદએ બચાવ પક્ષની ઉલટ તપાસમાં પણ પોલીસે એક લખેલા તૈયાર પંચનામામાં સહી કરાવેલી તે સિવાય બીજું કંઈ જાણતા નથી તેમ કબુલ રાખેલ છે.આમ, સદર પંચ સાહેદએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી.આમ, આ પંચ સાહેદના પુરાવાથી આંક : ૧૮ વાળા પંચનામાની હકીકતો પુરવાર થયેલ નથી. જેથી આ કામે આંક–૧૮ નું મુ.મા.રીકવર કર્યાનું પંચનામું પુરવાર થયેલું નથી.

**(૧૨)** આમ, આ કામે પડેલ ઉપરોકત ફરીયાદ પક્ષના સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ મૂલ્યાંકન કરતાં આ કામે તપાસેલ સાહેદ ફરીયાદીએ તેઓની આંક: ૧૯ ની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદને સમર્થનકારી પુરાવો આપી આંક : ૨૦ થી ફરીયાદ રજુ કરેલ છે તેમજ તપાસ કરનાર અમલદારે પોતે કરેલ તપાસને અનુરૂપ જુબાની આપેલ છે. પરંતુ, ચાર્જશીટ જોતાં તેઓએ આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી તેમજ આ કામે સદર મુદ્દામાલ એફ.એસ.એલ. માં તપાસણી માટે મોકલી આપેલ હોય તે અંગેનો રીપોર્ટ રજુ કરવાની જવાબદારી તપાસ કરનાર અમલદારની હોવા છતાં તેઓએ આ કામે કોઈ રીપોર્ટ રજુ કરેલ નથી. આમ,જયારે આ કામે ફરીયાદી તેમજ ત.ક.અમલદાર તથા સાહેદોની જુબાનીને સ્વતંત્ર પંચ સાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન સાંપડતુ નથી. ત્યારે આ કામે માત્ર છ પોલીસ સાહેદો કે જે આ કામના ફરીયાદી તથા ત.ક.અમલદાર તથા સાહેદો છે તેમના પુરાવા ઉપર આધાર રાખવાનું ન્યાયોચિત જણાતું નથી. જેથી ફરીયાદ પક્ષ આ કામના આરોપી સામેનું ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એએ,૮૧ મુજબનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ અંગેનો

નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

:: **આ ખ રી હુ ક મ** ::

**(૧)** આ કામના આરોપીઓ : (૧) વિશલકુમાર રણજીતસિંહ ચૌહાણ, (૨) પુજાબેન વિશાલકુમાર ચૌહાણ, નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ એએ,૮૧ મુજબના ગુન્હા માંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે પોલીસે કબજે લીધેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ની કલમ-૪૩૭(ક) મુજબ આરોપીઓએ અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૩૦ મી, માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૬/૨૬ (સુરભી શર્મા)
મુ.મોડાસા અધિક જયુડી.મેજી.ફ.ક.
મોડાસા.
એ.એન.પી.. કોડનં.જી.જે.૦૧૫૭૧